# કોરોનાના કેસ વધતા માસ્કની ડિમાન્ડમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો

**દિવાળી બાદ ધીમે ધીમે વધી રહેલા કોરોનાના કેસોએ ગભરાટનો માહોલ પેદા કર્યો છે : માસ્ક અંગે સાવચેતી વધી**

ગાંધીનગર, તા. ૬

ઓમિક્રોન વેરીયન્ટના ભયના કારણે માસ્કના વેચાણમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે. વાયબ્રન્ટની તૈયારી માટે ગાંધીનગર આવેલા કોન્ટ્રાક્ટરો અને મજૂરો સાવચેતીના ભાગરૂપે માસ્કની ખરીદી કરી રહ્યા છે જે ખૂબ જ સારી બાબત છે.

દિવાળી બાદ ગાંધીનગરમાં કોરોનાના કેસમાં ધીમો વધારો થયો છે. એકાંતરે દિવસે કોરોનાના કેસ વધી રહ્યા છે. આવા સમયે ઓમિક્રોન વેરીયન્ટના ડરે નવો ગભરાટ ફેલાવ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ઓમિક્રોન વેરીયન્ટના કેસ વધી રહ્યા છે. વળી તેના વિશે જાતભાતના અહેવાલો પ્રસિદ્ધ થતાં લોકોમાં ચિંતા વધી છે. કોરોનાના નવા વેરીયન્ટના આગમને માસ્કની ખરીદીમાં વધારો કરાવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કોરોનાની ગતિ ધીમી પડતા માસ્ક બાબતે લોકો બેદરકારી દાખવતા હતા. કેસ સાવ ઓછા કે નીલ થઈ જતાં માસ્ક બાબતે દંડની કાર્યવાહીમાં

● અનુસંધાન પાના - ૭ પર

### વાયબ્રન્ટના કારણે માસ્કની ખરીદી વધી

ગાંધીનગર શહેરમાં માસ્કની ખરીદી બાબતે જાગૃતિ વધી છે. છેલ્લા એક અઠવાડિયાથી ધીમે ધીમે માસ્કની ખરીદીમાં વધારો થયો છે. હાલમાં વાયબ્રન્ટની તૈયારી માટે કોન્ટ્રાક્ટરો અને મજૂરો મોટી સંખ્યામાં ગાંધીનગર રોકાયા છે. તેઓ માસ્કની ખરીદી વધુ કરી રહ્યા છે.

**રાજુભાઈ ઠક્કર, મંગલમ મેડીકલ**

●●●

### માસ્કની ડિમાન્ડમાં વધારો થયો છે

દિવાળી બાદ કોરોનાના કેસ ધીમે ધીમે વધતા અને નવા વેરીયન્ટના ડરથી માસ્કની ખરીદી વધી છે. માસ્કના વેચાણમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. જોકે સેનેટાઈઝરની ખરીદીમાં કોઈ વધારો જોવા મળ્યો નથી. માસ્ક બાબતે જાગૃતિ પુનઃ જોવા મળી રહી છે.

**કમલ ચૌધરી, અર્બુદા મેડીકલ**

# ઓ ભગવાન...! કેનેડાથી મામાના લગ્નમાં આવેલા ભાણેજનું કાર નીચે ચગદાઈ જતા મૃત્યુ

**ફલેટના ગેટ પાસે બેરીયર્સ હોત તો કદાચ દુર્ઘટના ના સર્જાઈ હોત, અમદાવાદ જવા માટે પરિવાર ટેકસીની રાહ જોતો હતો, સોસાયટીના પાર્કિંગમાં બાળક રમતુ હતુ તે સમયે ગાડીની સોસાયટીમાં એન્ટ્રી થતા જ ટક્કર વાગી,**

ગાંધીનગર, તા.૬

સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં મામાના લગ્નમાં કેનેડાથી આવેલા ભાણેજનું કાર નીચે ચગદાઈ જતા મોત થયું છે. અમદાવાદ ખરીદી માટે નીકળેલ પરિવાર ટેકસીની રાહ જોઈ રહ્યો હતો. તે સમયે સોસાયટીના પાર્કિંગમાં બાળક રમી રહ્યું હતું, તે સમયે અચાનક ગેટમાંથી એન્ટ્રી મેળવેલી આઈ ટેન કારે બાળકને ટક્કર મારી હતી. ભાણેજના મૃત્યુને પગલે લગ્નનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો. બનાવ અંગે કાર ચાલક સામે ગુનો નોંધી અડાલજ પોલીસે કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કેનેડાના ઓન્ટારીયો ખાતે રહેતા ધ્વનિલ જયેશભાઈ રાવલ રોયલ બેંક ઓફ કેનેડામાં ફરજ



બજાવે છે. ધ્વનિલ રાવલના પરિવારમાં પત્ની પુજા અને ચાર વર્ષિય પુત્ર વિવાન હતો. તેઓ કેનેડાની નાગરીકતા અને ભારતનો ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડીયા પણ ધરાવે છે. આગામી તા.૧૩ ડિસેમ્બરના રોજ લગ્ન હોવાથી વિવાન માતા પૂજા સાથે એક માસથી સરગાસણ સ્થિત સ્વસ્તિક-૪૨ માં આવ્યો હતો. ધ્વનિલભાઈ ગતરોજ સવારે કેનેડાથી લગ્નમાં હાજરી આપવા માટે આવ્યા હતા. જેથી લગ્નની ખરીદી કરવાની હોવાથી ધ્વનિલભાઈ તેમની પત્નિ પુજા અને વિવાન સાથે બપોરના સમયે સીજી રોડ જવા માટે નીકળ્યા હતા.આ માટે તેઓએ ઉબેરમાંથી ગાડી મંગાવી હતી. ગાડી આવવાની રાહ જોઈને તેઓ નીચે ઉભા હતા. આ દરમિયાન વિવાન મેઈન ગેટ પાસે અંદરની બાજુએ રમી રહ્યો હતો. તે સમયે સોસાયટીમાં બી ૬૦૨ ખાતે રહેતા જયરામ ભવાનભાઈ વામજા આઈટેન કાર લઈ અંદર પ્રવેશ્યા હતા. તે સમયે તેઓએ કાર ગફલતભરી રીતે હંકારી ટર્ન મારતા વિવાન અડફેટે આવી ગયો હતો. આ બનાવમાં ગંભીર રીતે ઈજા પામેલા વિવાનને લઈ પરિવારજનો તાત્કાલીક આશ્કા હોસ્પિટલ દોડી ગયા હતા. જયા ડોક્ટર દ્વારા સારવાર પણ શરુ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન વિવાનનું મૃત્યું થયુ હતું. વિવાનના મૃત્યુને પગલે લગ્નનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો. જયારે બનાવ અંગે ધ્વનિલભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છેકે સ્થાનિક નાગરીકોમાં ચર્ચા ચાલી રહી હતી કે ગુડાના નિયમ પ્રમાણે સોસાયટીના એન્ટ્રી ગેટ પાસે બેરીયર્સ હોત તો કદાચ આ બનાવ ન બન્યો હોત.

# શહેરમાં કોરોનાનો વધુ એક કેસ

**સે. ૧ માં ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૭ થઈ : ૮ એક્ટીવ કેસ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૭૫૨ પહોંચી છે.

શહેરમાં વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. નોંધાયેલા કેસોમાં બહાર પ્રવાસની હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ વધુ છે જે તંત્ર માટે પડકારરૂપ સાબિત થઈ રહ્યા છે.

શહેરમાં આજે સે. ૧ માં રહેતા ૬૨ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી એક સપ્તાહ પહેલાં જ જયપુરથી પરત ફરેલ છે. તેમને શરદી તાવ જણાતાં ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧ માં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા પણ વધી છે. થોડા દિવસ અગાઉ આ સેક્ટરમાં કોરોનાના ૪ કેસ નોંધાઈ ચુક્યા છે. આજે મળેલ આ કેસને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ સાથે સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા સૂચનાઓ આપી છે.

આજે નોંધાયેલ આ કેસ સાથે શહેરમાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૮ થઈ છે. આજે વધુ ૧ દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં નોંધાયેલા ૧૭ કેસમાંથી નવ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે. પણ હોસ્પિટલાઈઝેશન દર ઘણો જ ઓછો હોવાથી તંત્રને રાહત છે. જો કે હાલ તમામ એક્ટીવ કેસ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ અસરકારક રીતે કરવા પણ જણાવ્યુ છે.

### સિવિલમાં કોવિડ માટે ખાસ વોર્ડ ઉભો કરાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સંભવિત ત્રીજી લ્હેરને પગલે તાત્કાલિક પાંચમા મજલે ખાસ વોર્ડ ઉભો કરી દેવામાં આવ્યો છે. ઓમિક્રોન વેરિએન્ટને ધ્યાને રાખી પાંચમે મજલે ખાસ ૧૫ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કોવિડ-૧૯ માટે ૧૫ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આઈ.સી.સી.યુ. યુનિટમાં પણ ખાસ ૨૦ બેડ રાખવામાં આવ્યા છે. સિવિલ સત્તાવાળાઓને સરકારમાંથી મળેલી ખાસ સૂચનાઓના પગલે તંત્રએ આજે જ આ અલાયદો વોર્ડ ઉભો કરી દીધો છે. શહેર-જિલ્લામાં ટેસ્ટીંગમાં પણ વધારો કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે વિદેશથી આવેલા લોકોના હોમ ક્વોરોન્ટાઈનનું પણ અસરકારક રીતે મોનીટરીંગ થાય તે જોવા જણાવાવમાં આવ્યું છે.

## રાજયમાં નવા કોરોનાના ૩૮ કેસ

ગાંધીનગર, તા. ૬

રાજયમાં સોમવારે સાંજ સુધીમાં નવા ૩૮ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જોકે, આજે એકપણ દર્દીનું મૃત્યુ થયું નથી. જયારે વધુ ૩૭ દર્દીઓ સાંજા થતાં રજા અપાઈ હતી. રાજયમાં કુલ ૮,૧૭,૩૦૦ દર્દીઓએ કોરોનાને માત આપી છે. અને ૧૦,૦૯૫ મૃત્યુ આંક નોંધાયો છે. આજે વધુ ૩,૦૯,૯૯૯ લોકોને વેકસીન અપાઈ હતી.

આજે નોંધાયેલા દર્દીઓમાં અમદાવાદમાં ૧૦, વડોદરામાં ૮, સુરત - નવસારી અને વલસાડમાં ૪-૪, રાજકોટમાં ૨ અને આણંદ - અરવલ્લી, ભાવનગર, ગાંધીનગર, મહીસાગર તથા મહેસાણામાં એક-એક કેસ નોંધાયો હતો. હાલમાં ૩૫૦ એકટીવ કેસ રાજયમાં છે.

# શહેરમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન માટે મેયરે ડસ્ટબીન વિતરણ માટે ૧ કરોડ ફાળવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણીમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન માટે ડસ્ટબીન આપવાનું ભાજપે આપેલ વચનને પૂર્ણ કરવા મનપાના મેયરે તેમની ગ્રાન્ટમાંથી રૂ. ૧ કરોડની ફાળવણી કરી આ ડસ્ટબીનોનું વિતરણ કરવા માટે કમિશનરને લખ્યુ છે.

ગાંધીનગર મનપાની ચૂંટણી પૂર્વે સૂકો કચરો અને ભીનો કચરો અલગ કરી આપવાના મનપાના નિર્ણયને પગલે શહેરમાં આંદોલન છેડાયુ હતુ. એક તબક્કે કમિશનર ડૉ. ધવલ પટેલ આંદોલનકારીઓની બેઠકમાં પણ પહોંચી ગયા હતા અને સેગ્રીગેટેડ કચરાનો કેમ આગ્રહ રખાય છે તેની સમજ આપી હતી. જે નોંધનીય છે.

ભાજપ દ્વારા સામાન્ય ચૂંટણી વખતે જાહેર કરાયેલ સંકલ્પ પત્રમાં ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવશે તેવી વાત કહી હતી.

ગાંધીનગરના મેયર હિતેષ મકવાણાએ સ્વીકાર્યુ છે કે ડસ્ટબીનને લઈ વારંવાર રજુઆતો તેમની પાસે આવતી હતી. આથી મનપાના વિસ્તારના નાગરિકો માટે સુકો અને ભીના કચરા માટે ડસ્ટબીનની વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાઈ હતી.

શહેરના કેટલાક વાણિજ્ય વિસ્તારોમાં પણ ડસ્ટબીન મુકવી આવશ્યક છે. જેથી નગરજનોના આરોગ્ય અને સ્વચ્છતાના હેતુસર મેયરની ગ્રાન્ટમાંથી એક કરોડની મર્યાદામાં ડસ્ટબીનો ખરીદી તે પુરી પાડવા કમિશનરને જણાવ્યુ છે.

શહેરમાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં તેમજ શહેરના સેક્ટરોમાં છેલ્લા પાંચેક વર્ષથી ડસ્ટબીનનું વિતરણ થયુ નથી. લોકોએ છેડેલા આંદોલન અને સતત રજુઆતોને અંતે સંકલ્પપત્રમાં આપેલી ખાત્રી મુજબ આજે મેયરે આ માટે તેમની ગ્રાન્ટમાંથી આ રકમ ફાળવી આપી છે.

શહેરમાં જો કે છેલ્લા ઘણા દિવસથી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનમાં વધારો થયો છે તે પણ નોંધનીય છે.

# રાજયના ૭૮ હજાર કી.મી.ના રોડ નેટવર્કમાં ક્ષતિનુ નિરાકરણ હવે આંગળીના ટેરવે

**પુર્ણેશ મોદી એપના માધ્યમથી મોબાઇલમાં ફોટો પાડી ફરિયાદ કરી શકાશે : સંબંધતિ અધિકારી ઝડપથી માર્ગ સંબંધિત ફરિયાદનો ઝડપથી નિકાલ લાવશે : કોઇપણ નાગરિકે માર્ગોની મરામતની રજુઆત માટે ગાંધીનગર ધક્કા ખાવા નહીં પડે : પુર્ણેશ મોદી**

ગાંધીનગર તા ૬

રાજયમાં હવે કોઈપણ નાગરિકો માર્ગોની ક્ષતિ નિવારવા માટે ગાંધીનગર સુધી ધક્કા નહીં ખાવા પડે એપ્લીકેશનના માધ્યમથી હવે આંગળીના ટેરવે જ ફરિયાદ કરી માર્ગોની ફરિયાદોનો ઉકેલ આવી જશે. માર્ગ મકાન ડિઝીટલ એપ શરૂ કરી દેવામાં આવી છે. આજે ગાંધીનગરમાં આ એપના પ્રાયોગિક અમલ સાથે માર્ગ પરના ગાબડા દુર કરવા માટે એપ કેવી રીતે કાર્યરત રહેશે તે અંગે માર્ગ મકાન મંત્રીએ સ્થળ પર ફરિયાદનો નિકાલ કરી સમજ આપી હતી. પુર્ણેશ મોદી ડિજીટલ એપ તૈયાર કરવામાં આવી છે. આ અંગે માહીતી આપતા માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ જણાંવ્યુ હતુ કે રાજયના ૭૮ હજાર કી મી લંબાઈના રોડ નેટવર્કને લગતી ફરિયાદને અનુલક્ષી મોબાઈલ દ્વારા મરામત ફોર્મના લીંકથી ઓનલાઈન કરી



મંત્રીએ આજે પુર્ણેશ મોદી ડીઝીટલ એપનો પ્રારંભ કર્યો હતો જેના આધારે હવે રસ્તાની ક્ષતિ નિવારવા માટે હવે નાગરિકોએ માત્ર ફોટો પાડી એપ પર અપલોડ કરવાથી ફરિયાદનુ ઘરે બેઠા જ નિરાકરણ આવી જશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. રાજયના ૭૮ હજાર કી મી લંબાઈના રોડ નેટવર્ક સંબંધિત ફરિયાદ હવે મોબાઈલ એપના માધ્યમથી કરી શકાશે.

ડો આંબેડકરના નિર્વાણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ રાજયમાં માર્ગોની ક્ષતિ ઝડપથી નિવારવા માટે એક ડીઝીટલ એપનો પ્રારંભ કર્યો છે. નાગરિકોની તરકલીફો દુર થાય તેમજ રોડ નેટવર્કની ક્ષતિઓના ઝડપી નિકાલ માટે નાગરિકોએ ધક્કા ન ખાવા પડે તે માટે આ એપ્લિકેશનના આધારે કોઈપણ નાગરિક ફરિયાદના સ્થળેથી જ પોતાના મોબાઈલમાં જી પી એસ લોકેશન ઓન કરી ક્ષતિગ્રસ્ત રસ્તાનો ફોટો પીડી સીધો અપલોડ કરી શકશે. જયારે ફરિયાદ ફોટા સાથે અપલોડ થતા સર્વર મારફતે વિભાગના સંબંધિત અધિકારીને ઈ મેઈલથી મળી જશે. જયારે ફરિયાદ દુર થાય ત્યારબાદ એપમાં આ અંગેની એન્ટ્રી કરાશે. જયારે આ એપ્લીકેશનના આધારે કોઈપણ નાગરિકે સંબંધતિ રસ્તો માર્ગ મકાન વિભાગ, પંચાયત કે રાષ્ટ્રીય ધોરી માર્ગનો છે તે પણ જાણવાની જરૂર નથી. આ ઉપરાંત કયા અધિકારીને ફરિયાદ કરવી તેની પણ અનિવાર્યતા નથી. માત્ર મોબાઈલના જી પી એસ લોકેશનના આધારિત ફોટોગ્રાફથી સંબંધિત અધિકારીને આપોઆપ જાણ થઈ જાય તે મુજબ આ શકાશે. આ એપ હાલમાં એન્ડ્રોઈડ ફોન પર ઉપલબ્ધ છે. જેના માટે ગુગલ પ્લે સ્ટોરમાંથી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. ફરિયાદ અપલોડ થાય ત્યારબાદ તેના નિરાકરણ અંગેની જાણકારી પણ એપ પરથી જ મળી જશે. જયારે ટુંકમાં આ એપ આઈ ઓ એસ ફોન વર્ઝન પર પણ ઉપલબ્ધ થશે. આ એપ દ્વારા પેપરલેસ સિંગ્લ ક્લિકથી રજુઆત કરી શકાશે. મોબાઈલ એપના માધ્યમથી રસ્તામાં ખાડા, ગાબડા, માર્ગોનુ ધોવાણ, પાણીનુ ઓવર ટોપીંગ, રસ્તાની સપાટીને નુકશાન પુલને નુકશાન તેમજ રસ્તા પર પડેલા ઝાડ કે નુકશાની અંગેની ફરિયાદનો એપમાં ફોટો પાડી ફરિયાદ કરી શકાશે. રાજયના કોઈપણ નાગરિકને માર્ગ સુધારણા કે મરામતના કામ માટે ગાંધીનગર સુધી ધક્કા ન ખાવા પડે તે માટે આ એપ શરૂ કરવામાં આવી છે.

# શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર વન આરક્ષિત વિસ્તારની રોનક નિખરશે

**વાઇબ્રન્ટ ઇફેક્ટ : વરસાદી દિવસોના અંતે લાંબા સમય બાદ વનતંત્રએ સફાઇ હાથ ધરી : માર્ગોની સાથે વન આરક્ષિત વિસ્તારમાં પણ બ્યુટિફિકેશન કરાશે**

ગાંધીનગર તા ૬

શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની સફાઇ કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. વરસાદી દિવસોના અંતે પણ લાંબા સમય સુધી મજુરોના અભાવે આ કામગીરી થઈ શકી ન હતી જયારે હવે વાઈબ્રન્ટ ઈફેકટના લીધે આખરે નગરના મુખ્ય માર્ગો આસપાસ વન વિભાગની જગ્યામાં ઉગી નિકળેલી બિન જરૂરી વનસ્પિત દુર કરવા તેમજ વન આરક્ષિત વિસ્તારને નિખારવા માટે વનતંત્રની ટીમ કામે લાગી છે. સે-૧૭ હેલીપેડ મેદાનમાં પણ વનતંત્રની ટીમે સફાઇ કામગીરી શરૂ કરી દીધી છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તૈયારીઓ ચાલી રહી છે. વાઈબ્રન્ટમાં વી આઇ પી મહાનુભાવોની અવરવજવરને ધ્યાનમાં રાખી શહેરમાં માર્ગ સુધારણા , બ્યુટિફિકેશન અને સફાઇ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. નગરના માર્ગોનુ પેચવર્ક પણ હાથ ધરાયુ છે. શહેરના મુખ્ય ઘ માર્ગ ના રીસરફેસીંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહમાં આ કામ પુર્ણ કરી દેવાશે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક વે ના ગાબડા પુરવા માટે પણ તંત્ર કામે લાગ્યુ છે. જયારે ફુટપાથને અડીને સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ હવે વનતંત્રએ સફાઇ શરૂ કરી દીધી છે. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર વન આરક્ષિત વિસ્તારની સફાઇ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વરસાદી દિવસોના અંતે આમ પણ આ વિસ્તારમાં સફાઇ હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગણી કરી હતી પરંતુ અત્યાર સુધી સફાઇ કામગીરી શરૂ ન થતા વન આરક્ષિત વિસ્તારમાં જાડીઝાંખરા ઉગી નિકળતા મચ્છર અને જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. ચોમાસા બાદ પણ વનતંત્ર દ્વારા આ કામગીરી શરૂ કરવાની હતી પરંતુ મજુરોના અભાવે આ કામ અટવાયુ હતુ. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના મુખ્યમાર્ગો સહીત આસપાસના વિસ્તારને પણ નયનરમ્ય બનાવવા માટે બ્યુટિફિકેશનની કામગીરી કરવામાં આવે છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. નગરના વિવિધ માર્ગોની આસપાસ અગાઉ કલરકોડ આધારિત રંગબેરંગી ફલો નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે હાલ આ યોજના મુજબ હાલ ફુલોનો નિખાર જોવા મળતો નથી. શહેરમાં વન આરક્ષિત વિસ્તારની સફાઈના અભાવે હાલ ફુટપાથ પર ગંદકી જોવા મળે છે. વન આરક્ષિત વિસ્તારમાં ઉગી નિકળેલી વનસ્પિત ફુટપાથ સુધી આવી જતા હવે ગાબડાથી ઘેરાયેલી ફુટપાથ માટે નવી સમસ્યા સર્જાઇ છે. જો કે હાલ નગરના ઘ અને ચ માર્ગ પર વન વિભાગની જગ્યામાં સફાઇ કરવાનુ શરૂ કરી દેવાયુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

### પંચાયત સંકુલ માટે જમીનના મુદ્દે

# પંચાયત પ્રમુખની આગેવાનીમાં આજે સરકાર સમક્ષ રજુઆત કરાઈ

**વહીવટીય પાંખે લેકાવાડા પાસે તો ચૂંટાયેલી પાંખે હાલના મકાનને તોડી નવા મકાનના નિર્માણની વાત કરી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીન ફાળવણીના મુદ્દે આજે ચૂંટાયેલી પાંખના સભ્યોનું એક પ્રતિનિધિમંડળ પંચાયત પ્રમુખ દિલીપ પટેલની આગેવાનીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પંચાયતમંત્રી બ્રિજેશ મેરજા તથા પ્રભારી રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળ્યુ હતુ.

જિલ્લા પંચાયતના નવા મકાન માટેની જમીન મેળવવા અંગે ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે અલગ-અલગ મત પ્રવર્તતા હોવાથી સરકાર પણ હાલ ઉતાવળે કોઈ નિર્ણય લેવાના મૂડમાં હોય તેમ જણાતુ નથી.

વહીવટીય પાંખ વતી જિલ્લા વિકાસ અધિકારીએ લેકાવાડા ખાતે ૧૫ હજાર ચો.મી. જગ્યાની માંગ કરી છે. જેમાં પાંચ હજાર ચો.મી. જમીન જિલ્લા વિકાસ અધિકારીના નિવાસસ્થાન માટે તેમજ ૧૦ હજાર ચો.મી. જમીન પંચાયત સંકુલના નિર્માણ માટે માંગી હતી.

બીજી તરફ આજે પંચાયત પ્રમુખની આગેવાનીમાં સરકારને મળેલ પ્રતિનિધિ મંડળે હાલની જગ્યા પર જ સાત મજલાની અદ્યતન બિલ્ડીંગ બનાવવા તેમજ પંચાયતનું હાલનું સંકુલ જે જુનુ થયુ હોવાથી તોડી પાડવા માટેની મંજૂરી પણ માંગી હતી. આ રજુઆતમાં પાર્કિંગની સમસ્યા સહિતના બીજા પ્રશ્નો પણ રજુ કરવામાં આવ્યા હતા.

સરકારે આ બાબતે સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે અને યોગ્ય કરીશુ તેવો પ્રત્યુત્તર પ્રતિનિધિમંડળને આપ્યો હતો.

● અનુસંધાન પાના - ૭ પર

૧૭મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ તા. ૧/૬/૧૯૬૭ સ્વ. તા. ૭/૧૨/૨૦૦૪
સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા
અમોને કરી ઉદાસ તમે વૈકુંઠમાં કર્યો વાસ, છોડી અમારો સાથ. તમે જઈ વસ્યા પ્રભુને પાસ, તમારા સત્કાર્ય સદાય મહેકશે. મીઠાશ, સુવાસ અમોને સદાય કરાવશે મીઠો અહેસાસ. ગુમાવ્યો છે તમારો પ્રેમ, સાથ અને સહકાર...
પ્રભુ આપના દિવ્ય પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના....
વિઠ્ઠલજી કે. મકવાણા
સંજયકુમાર વી. ઠાકોર (જમાઈ)
નયનાબેન એસ. ઠાકોર (દિકરી)
હિતેશ વિ. મકવાણા (પુત્ર)
બ્રિજલ હિતેશ મકવાણા (પુત્રવધુ)
ક્રિષા હિતેશ મકવાણા (પૌત્રી)
સ્મિત (ભાણો)
સમસ્ત મકવાણા પરિવાર - ધોળાકુવા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com